**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૦.૮ ડીગ્રી
લઘુતમ : ૨૬.૦ ડીગ્રી
ભેજ
સવારે ૮૩ ટકા ● સાંજે ૭૯ ટકા

## આજે ગાંધીનગરમાં

### ધાર્મિક

- સમસ્ત બ્રહ્મસમાજ, સે.૨૩ દ્વારા રાત્રે ૯ થી ૧૦ દરમિયાન વાસણિયા મહાદેવ ખાતે મહિમ્ન પાઠ અને સ્તુતિ વંદના યોજાશે.
- શ્રી બ્રાહ્મણ સમાજ દ્વારા રાત્રે ૮-૩૦ વાગે પ્રદિપભાઈ ત્રિવેદીના નિવાસસ્થાન બી-૧૦૧, મહાલક્ષ્મી રોયલ પેલેસ, કુડાસણા ખાતે શિવ રૂદ્રાભિષેખ તથા મહિમ્ન પાઠ યોજાશે.
- રૂદ્રાભિષેક મંડળ દ્વારા સવારે ૮-૩૦ કલાકે મહાપ્રસાદ સાથે લઘુરૂદ્રાભિષેક યોજાશે.
- રામધામ વાવોલ ખાતે ૩ થી ૬-૩૦ દરમિયાન દેવી ભાગવત કથા તથા અંબાજી પ્રાગટ્ય યોજાશે.
- શ્રીરંગ અવધુત પરિવાર દ્વારા સે.૨૮ ખાતે સાંજે ૮-૧૫ કલાકે ગિરીશભાઈ પટેલ દ્વારા લઘુરૂદ્ર યોજાશે.
- સમસ્ત બ્રહ્મસમાજ, સે.૨૬ દ્વારા વૈભવ કે. જાનીના નિવાસસ્થાન ૬૩૦/૧, કિસાનનગર, ખાતે રાત્રે ૯ થી ૧૦ દરમિયાન શિવપૂજા અને મહિમ્ન પાઠ યોજાશે.

### સાંસ્કૃતિક

- વૈજનાથ મહાદેવ મંદિર, સે.૨૧ ખાતે સવારે ૮-૩૦ થી ૧ કલાક દરમિયાન રક્તદાન કેમ્પ યોજાશે.
- રંજનબેન બ્રહ્મભટ્ટ દ્વારા આનંદનો ગરબો બપોરે ૨-૩૦ થી ૫-૩૦ દરમિયાન દીનાબેન ડોડીયાના નિવાસસ્થાન સી/૧૧, કડી સ્ટાફ ક્વાટર્સ, ખાતે યોજાશે.
- વૈજનાથ મહાદેવ મંડળ દ્વારા આનંદનો ગરબો બપોરે ૨-૩૦ થી ૫-૩૦ દરમિયાન સરોજબેન મહેતાના નિવાસસ્થાન ઈ-૧૦૧, રત્નરાજ રેસીડન્સી ખાતે યોજાશે.

# સ્વાતંત્ર્ય પર્વે સિવિલ હોસ્પિટલના કર્મીઓની શ્રેષ્ઠ કામગીરીને સન્માન

## ડૉ. ચિંતન ગોંડલિયા, ડૉ. પરેશ ગજ્જર, બાયોમેડિકલ એન્જીનીયર પ્રિયકાંત પરમાર અને એક્સ-રે ટેકનીશીયન નિરવ મોઢની શ્રેષ્ઠ કામગીરીને બિરદાવાઈ : સરકારી સેવા બાદ ગંભીર રોગોમાં ગ્રામ્યસ્તરે કેમ્પ, વૃદ્ધાશ્રમોમાં દાદા-દાદીની વિનામૂલ્યે સારવાર અને મોંઘા સાધનોની જાળવણી-શ્રેષ્ઠ કામગીરીની નોંધ લેવાઈ

ગાંધીનગર, તા. ૧૭

સિવિલ હોસ્પિટલ ગાંધીનગર ખાતે ફરજનિષ્ઠ કર્મીઓ દ્વારા સરકારી સેવાઓ બાદ માનવીય અભિગમ દાખવીને ગ્રામ્યસ્તરે ગંભીર રોગોમાં ગ્રામ્યસ્તરે કેમ્પ, વૃદ્ધાશ્રમોમાં દાદા-દાદીની વિનામૂલ્યે સારવાર અને સાધનોની જાળવણી-શ્રેષ્ઠ કામગીરીની નોંધ જિલ્લા વહીવટીતંત્ર દ્વારા લઈને તબીબો અને પેરામેડીકલ સ્ટાફને સ્વતંત્ર પર્વ નિમિત્તે મોમેન્ટો અને પ્રશસ્તિપત્ર આપીને સન્માનીત કરવામાં આવ્યા છે. કર્મયોગીઓ દ્વારા કરાયેલા આ ઉમદા કાર્યની જિલ્લા વહીવટીતંત્ર દ્વારા નોંધ લઈને તંત્ર દ્વારા પ્રેરક બળ પુરૂ પડાયું છે તે બદલ સમગ્ર ટીમે વહીવટીતંત્રનો હૃદયપૂર્વક આભાર માન્યો છે.

ગાંધીનગર જિલ્લા વહીવટીતંત્ર દ્વારા ૧૫મી ઓગષ્ટ, ૨૦૧૯ના રોજ ગાંધીનગર ખાતે યોજાયેલ તાલુકાકક્ષાના ધ્વજવંદન સમારોહમાં સિવિલ હોસ્પિટલ ગાંધીનગરના બીનચેપી રોગ



વિભાગના વડા ડૉ. ચિંતન એમ. ગોંડલીયાને આયુષમાન ભારત યોજના હેઠળ ગુજરાતના પ્રથમ હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટર ખાતે શ્રેષ્ઠ કામગીરી તેમજ ગંભીર રોગોમાં છેવાડાના નાગરિકોને ૬૦૦થી વધુ હેલ્થ ચેકઅપ કેમ્પ દ્વારા માર્ગદર્શન પુરૂ પાડવા માટે તથા સનસેટ મેડીકલ રિલિફ ફાઉન્ડેશન ચેરીટેબલ ટ્રસ્ટના નેજા હેઠળ વૃદ્ધાશ્રમોમાં દાદા-દાદીની શ્રેષ્ઠ વિનામૂલ્યે સારવાર-દવાની કામગીરી માટે ડૉ. પરેશ ગજ્જર અને બાયોમેડિકલ એન્જીનીયર પ્રિયકાંત પરમારને હોસ્પિટલ ખાતેના મોંઘા સાધનોની શ્રેષ્ઠ જાળવણી માટે તથા એક્સ-રે ટેકનીશીયન નિરવ મોઢને એક્સ-રેની શ્રેષ્ઠ કામગીરી માટે મોમેન્ટો અને પ્રશસ્તિપત્ર આપીને જિલ્લા પ્રભારી સચિવ સંજયકુમારે સન્માનિત કર્યા હતા. સનસેટ મેડીકલ રીલીફ ફાઉન્ડેશન ચેરીટેબલ ટ્રસ્ટના નેજા હેઠળ ગાંધીનગર સિવિલ હોસ્પિટલના આઈ.સી.યુ.ના તબીબો સરકારી સેવાઓ બાદના સમયમાં આ માનવીય કામગીરી કરી રહ્યા છે.

સમગ્ર કાર્યક્રમનું આયોજન સિવિલ હોસ્પિટલ, ગાંધીનગરના સુપ્રિટેન્ડેન્ટ ડૉ. નિયતી લાખાણી, આર.એમ.ઓ. ડૉ. આર.એચ. ચૌહાણના માર્ગદર્શન હેઠળ રાજભવન ખાતે ફરજનિષ્ઠ ડૉ. શશાંક શિમ્પી તેમજ આઈ.સી.યુ. ગાંધીનગર ખાતે ફરજનિષ્ઠ ડૉ. પરેશ ગજ્જર, ડૉ. વિનયકુમાર, ડૉ. કલ્પેશ પરીખ તથા અન્ય પેરામેડીકલ સ્ટાફ દ્વારા ઉત્સાહપૂર્વક કામગીરી કરવામાં આવી રહી છે. નવી પેઢીના વૈચારિક મતભેદોના પરિણામે સમાજમાં વૃદ્ધાશ્રમો જેવી સંસ્થાઓનો ઉદય થયો છે ત્યારે આ વૃદ્ધાશ્રમોમાંરહેતા દાદા-દાદીઓને વિનામૂલ્યે સારવાર પૂરી પાડવાનું સનસેટ મેડીકલ રીલીફ ફાઉન્ડેશન ચેરીટેબલ ટ્રસ્ટે બીડું ઝડપ્યુ છે અને છેલ્લા સાત વર્ષમાં ગાંધીનગરની આસપાસના ૧૬થી વધુ વૃદ્ધાશ્રમોમાં રહેતા ૬૦૦થી વધુ દાદા-દાદીઓને નિયમિત રીતે રૂબરૂ જઈને સારવાર-દવા વિનામૂલ્યે પૂરી પાડવામાં આવી રહી છે.

## મુવી હાઉસ

### આર વર્લ્ડ, આઈનોક્સ, સે-૨૧

- **મિશન મંગલ** ૯, ૧૦.૫૦, ૧૧.૪૫, ૧.૪૫, ૨.૪૦, ૪.૪૦, ૫.૩૫, ૭.૩૫, ૮.૩૦, ૧૦.૩૦
- **બટલા હાઉસ** ૯.૦૦, ૧૦.૦૦, ૨.૦૦, ૧.૦૦, ૩.૦૫, ૪.૦૫, ૬.૧૦, ૭.૧૦, ૯.૧૫, ૧૦.૧૫
- **ફાસ્ટ એન્ડ ફ્યુરિયસ** ૩-ડી હિન્દી ૧.૧૦
- **ધ લાયન કિંગ** ૧૦.૪૦
- **સુપર-૩૦** ૯.૩૦

### સિટી પલ્સ કુડાસણ

- **મિશન મંગલ** ૧૧.૩૦, ૧૨.૪૫, ૨.૧૫, ૪.૦૦, ૫.૦૦, ૬.૪૫, ૭.૪૫, ૧૦.૩૦
- **બટલા હાઉસ** ૧૦.૩૦, ૧૨.૪૫, ૧.૧૫, ૬.૪૫
- **સુપર-૩૦** ૬.૩૦ સાંજે
- **કબિરસિંગ** ૩.૧૫ બપોરે
- **ચાલ જીવી લઈએ** ૧૨.૩૦
- **ચાસની (ગુજરાતી)** ૯.૩૦

### પી.વી.આર, સિનેમેક્સ, સે-૧૧

- **મિશન મંગલ** ૮, ૧૦, ૧૧, ૧૨.૧૦, ૧.૦૦, ૨.૦૦, ૪.૦૦, ૫.૦૦, ૭.૦૦, ૮.૦૦, ૧૦.૦૦, ૧૧.૦૦
- **બટલા હાઉસ** ૯.૦૦, ૧૦.૦૦, ૧.૧૦, ૩.૧૫, ૪.૨૦, ૭.૩૦, ૯.૩૦, ૧૦.૧૪૦
- **ચાસની (ગુજરાતી)** ૬.૩૦ સાંજે

### આર વર્લ્ડ, આઈનોક્સ, સે-૧૬

- **મિશન મંગલ** ૮.૫૫, ૯.૪૫, ૧૦.૪૫, ૧૧.૩૫, ૧૨.૩૦, ૧.૩૦, ૨.૨૫, ૩.૨૫, ૪.૨૫, ૫.૨૦, ૬.૨૦, ૭.૨૦, ૮.૧૫, ૯.૧૫, ૧૦.૧૫
- **બટલા હાઉસ** ૯.૧૦, ૧૦.૦૦, ૧.૦૦, ૩.૦૫, ૪.૦૦, ૭.૦૦, ૯.૦૦, ૧૦.૦૦
- **ચાસની (ગુજરાતી)** ૧૨.૧૫

## ચિરવિદાય

- સ્વ. પરમાર અંબાલાલ ભીખાજી ઉ.વ. ૬૫
- સ્વ. પારેખ અશોકકુમાર દેવશંકર ઉ.વ. ૬૭
- સ્વ. દરજી ધૂળીબેન ગાંડાલાલ ઉ.વ. ૯૦
- સ્વ. પરમાર ગાભાજી સોમાજી ઉ.વ. ૫૮

# અબોલ પશુ-પક્ષીઓની સેવા માટે શહેરના પ્રદિપભાઈ સોલંકીનું સન્માન કરાયું



ગાંધીનગર, તા. ૧૭

જિલ્લાકક્ષાનો ધ્વજવંદન કાર્યક્રમ આ વર્ષે કલોલમાં યોજાયો હતો. ઉલ્લેખનીય છે કે આ પ્રસંગે નોંધપાત્ર સેવામાંથી કામ કરતા લોક સેવકોનું સન્માનપત્ર દ્વારા સ્વાગત કરવામાં આવે છે. ગાંધીનગરના સેવાભાવી વર્ષ ૧૦૦ થી ૧૧૫ ઘાયલ પક્ષીનો બચાવ કરતા અને સાપ પકડતા પ્રદિપભાઈ સોલંકીનું આ વર્ષે કલેક્ટરની હાજરીમાં તેમની આ પ્રવૃત્તિને ધ્યાનમાં લઈ કૌશિકભાઈ પટેલનુ સન્માન કરવામાં આવ્યું હતુ. નોંધનીય છે કે પ્રદિપભાઈ ઘાયલ પક્ષીઓ તથા ખાસ કરીને સર્પને પકડી જીવીત અવસ્થામાં જંગલમાં છોડી જીવદયાનું કામ કરે છે. તેમણે આ વર્ષે જાન્યુઆરીથી ઓગષ્ટ મહિના સુધીમાં રાજભવન, મુખ્યમંત્રી વિસ્તાર તથા ગાંધીનગર શહેર વિસ્તારમાંથી કુલ ૬૦ જેટલા સાપ પકડી જંગલ વિસ્તારમાં મુક્ત કર્યા હતા. ગાંધીનગર શહેર વસાહત મંડળ દ્વારા તેમનો શુભેચ્છા પાઠવવામાં આવે છે.

## સંત રોહિદાસ સમાજ દ્વારા દિલ્હી મંદિર ખંડન અંતર્ગત દિલ્હી જવા માટે બસ ઉપડશે

ગાંધીનગર, તા. ૧૭

સંત રોહિદાસજીનું દિલ્હી ખાતેનું મંદિર દિલ્હી ડેવલોપમેન્ટ ઓથોરીટી દ્વારા તોડી પાડવામાં આવ્યુ હોવાથી સમાજની લાગણી દુભાઈ છે. જેથી સંસ્થાની કારોબારી, ધર્મપ્રેમી સમાજ અને શ્રેષ્ઠીઓએ દિલ્હી જવા માટે સંસ્થાના પ્રમુખ અથવા મંત્રીનો સંપર્ક સાધવા જણાવાયુ છે. તાત્કાલિક લકઝરી બસ ૧૯ ઓગષ્ટ રાત્રે ૧૦ વાગ્યે નિજમંદિરથી ઉપડશે.





ગાંધીનગર ઈલેક્ટ્રોનિક્સ ઝોન ઈન્ડસ્ટ્રીઝ એસોસીએશન (ગેઝીયા) દ્વારા રક્ષાબંધન અને ૭૩મા સ્વાતંત્ર્યદિનની ઉજવણી કરવામાં આવી હતી, જેમાં ગેજીયા પ્રમુખ ડૉ. સમીર ત્રિવેદી, ઉપપ્રમુખ ચાણ્ય પટેલ, સેક્રેટરી નિતેશ પટેલ, ગેઝીયા કમીટીના સભ્યો તેમજ ઈલેક્ટ્રોનિક્સ એસ્ટેટના ઉદ્યોગકારોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

# રાંધેજા વિદ્યાપીઠ ખાતે વૃક્ષારોપણ કાર્યક્રમ



ગૂજરાત વિદ્યાપીઠ, રાંધેજાનાં રાષ્ટ્રીય સેવા યોજના એકમ દ્વારા 'વૃક્ષારોપણ' કાર્યક્રમ યોજવામાં આવ્યો. જેમાં રાષ્ટ્રીય સેવા યોજનાના સ્વયંસેવકો દ્વારા રાંધેજા ગામમાં, સ્મશાનમાં, મંદિરમાં અને પરિસરમાં વિવિધ પ્રકારના રોપાનું વૃક્ષારોપણ કાર્ય કર્યુ. તેમજ આજુબાજુના માણસોને તેનું જતન કરવા માટે લોક જાગૃતિનું કાર્ય કર્યુ છે. મ.દે. ગ્રામસેવા સંકુલના સંયોજક ડૉ. રાજીવ પટેલે સમગ્ર કાર્યક્રમને બિરદાવ્યો છે. કાર્યક્રમનું સંચાલન ડૉ. હસમુખ પંચાલ દ્વારા કરવામાં આવેલ.

# આરાધના વિદ્યાવિહાર ખાતે ૭૩મા સ્વાતંત્ર્ય દિનની ઉજવણી

ગાંધીનગર, તા. ૧૭

ભારતનું રાષ્ટ્રીય પર્વ એટલે સ્વાતંત્ર્ય દિન. આરાધના વિદ્યાવિહારમાં દેશના ૭૩મા સ્વાતંત્ર્ય દિનની ધામધૂમપૂર્વક ઉજવણી કરવામાં આવી. પ્રમુખ ઉચ્ચ માધ્યમિક વિભાગના આચાર્ય અરવિંદભાઈ પટેલ દ્વારા રાષ્ટ્રધ્વજને ફરકાવી સલામી આપવામાં આવી હતી. આ પ્રસંગે શાળાના ગુજરાતી તથા અંગ્રેજી માધ્યમના પ્રાથમિક, માધ્યમિક, ઉચ્ચ માધ્યમિક તથા બી.એડ. કોલેજ વિભાગના શૈક્ષણિક તથા વિહવટી સ્ટાફ, વાલીઓ, વરિષ્ઠ નાગરિકો તથા વિદ્યાર્થી ભાઈ-બહેનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. વિદ્યાર્થીઓએ દેશભક્તિને અનુરૂપ ગીત, ડાન્સ જેવા વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમોની રજૂઆત કરી હતી. કાર્યક્રમના મુખ્ય અતિથિ અરવિંદભાઈ પટેલે રાષ્ટ્રના આદાર્શ નાગરિક તરીકે ફરજો અદા કરવાની સમજ આપી. આ પ્રસંગે પ્રસિદ્ધ જ્યોતિષશાસ્ત્રી અંબારામભાઈ પટેલ તથા નયનભાઈ ત્રિવેદી વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. માધ્યમિક વિભાગના આચાર્ય વિષ્ણુભાઈ પટેલે વિદ્યાર્થીઓને શિક્ષણમાં ઉચ્ચ સિદ્ધિ પ્રાપ્ત કરી દેશસેવાનો સંદેશ આપ્યો હતો. સંસ્થાના ચેરમેન રમણભાઈ પટેલે પ્રાસંગિક પ્રવચનમાં વિદ્યાર્થીઓને રાજ્ય વ્યવસ્થા, સમાજ વ્યવસ્થા, શિક્ષણ વ્યવસ્થા અને પરિવાર વ્યવસ્થાને અનુસરી પોતાની કર્તવ્યનિષ્ઠા પાલન કરવાની પ્રેરણા આપી હતી.

# 'વિજયી વિશ્વ ત્રિરંગા પ્યારા ઝંડા ઉંચા રહે હમારા' સાથે ત્રિરંગાને શૌર્ય ભરી સલામી



ગાંધીનગર, તા. ૧૭

ભારતના ૭૩માં સ્વતંત્રતા પર્વની સાહિત્યસભાના ઉપાધ્યક્ષ સંજય થોરાતના ઘર આંગણે ધામધુમપૂર્વક કરવામાં આવી. ગુજરાતના લબ્ધ પ્રતિષ્ઠિત સાહિત્યકાર, વરિષ્ઠ પત્રકાર દોલત ભટ્ટના હસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યું અને સૌએ બુલંદ અવાજે રાષ્ટ્રગીતનું ગાન કર્યુ.

ભારતના રાષ્ટ્રધ્વજનુ કંકુ-અક્ષત-ફૂલથી પૂજા કરી ડૉ. પૌલમી પરમાર, ગાયત્રી થોરાત, મધુ પ્રજાપતિ, ચંદ્રા જિકાદરાએ આરતી ઉતારી રાષ્ટ્રના રક્ષણની મનોકામના કરી હતી. આ પ્રસંગે પુલક ત્રિવેદીએ ઘર આંગણે નિયમીત ઉજવાતા રાષ્ટ્રીય પર્વ અને રાષ્ટ્ર ભાવનાને પ્રોત્સાહીત કરી હતી. સંજય થોરાતે એમના નાની સ્વાતંત્ર્ય સેનાની લીલાતાઈ પાટીલની શૌર્યગાથા વર્ણવી હતી.

કવિ કિશોર જિકાદરા, રમણ વાઘેલા, બાબુદાન ગઢવી, પંકજ ગાંધી, વિજય ગુપ્તા વગેરેએ એમની રાષ્ટ્રપ્રેમની રચના અને વાતો મુકી હતી. અનન્યાએ 'એય મેરે વતન કે લોગો...' ગીત પ્રસ્તુત કર્યુ હતુ. ગાંધીનગરના ગણમાન્ય કવિ, સાહિત્યકાર, અગ્રણી ભરત કવિ, ભર્ગદેવ ભટ્ટ, નટવર હેડાઉ, અશ્વીન ત્રિવેદી, ભરત પ્રજાપતિ, ડૉ. મયુર જોશી, કનુ પટેલ, જેસલપુરા, ગાર્ગી ઠક્કર, કમલેશ પટેલ, જયેશ ભટ્ટ, સંજય વર્મા વગેરે ઉપસ્થિત રહ્યાં હતા.

સામાજિક સેવા કરતા યુવાનો યશ, પરિમલ, પૂજા, ધાર્મીક હતા તો તરાના, તમન્ના, અનન્યા, રિદ્ધિ, રેવા, નિયાશી, તરીશી જેવા ભારતના ભવિષ્ય એવા બાળકો અને યુવાનો પણ રાષ્ટ્રપ્રેમ વ્યક્ત કરવા હાજર હતા.

### ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમીના સૌજન્યથી

# સૌરાષ્ટ્ર-કચ્છ સમાજ સેવા દ્વારા બૌદ્ધિક ડાયરાનું આયોજન

ગાંધીનગર, તા. ૧૭

ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમી અને સૌરાષ્ટ્ર-કચ્છ સમાજ સેવા ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે બૌદ્ધિક ડાયરાના સથવારે 'ભક્તિવર્ષા' કાર્યક્રમનું આયોજન તા. ૨૦-૮-૨૦૧૯ના મંગળવાર સમય રાત્રે ૯.૧૫ કલાકે, સે. ૧૭ ટાઉનહોલ ખાતે કરવામાં આવેલ છે. ખૂબજ નામી કલાકારો એવા સચિન લીમયે, અશીતા લીમયે, હિમાંશુ મકવાણા દ્વારા શ્રાવણ માસમાં શિવ અને ક્રિષ્ન ભક્તિના સુમધુર ગીતો રજૂ કરશે. સંચાલન અંકિત ત્રિવેદી કરશે. આ પ્રસંગે ગુ.રા. સંગીત અકાદમીના ચેરમેન પંકજભાઈ ભટ્ટ, જ્યોતિશભાઈ ભટ્ટ તથા સૌરાષ્ટ્ર કચ્છ સમાજના અગ્રણી આર.ડી. ગાંધી ખાસ ઉપસ્થિત રહેશે. સર્વે ભક્તિમાં રસતરબોર થવા ખાસ પધારવા ડૉ. પ્રદિપભાઈ ગગલાણીએ નિમંત્રણ પાઠવેલ છે.



ગાયત્રી પરિવારની મહિલાઓ દ્વારા ચાંદ્રયાન વ્રતની પૂર્ણાહુતિ નિમિત્તે ગાયત્રી શક્તિપીઠ ઉપર ગાયત્રી યજ્ઞ કરવામાં આવ્યો હતો.